
# સરહદ ઉપર પાકિસ્તાનનો સતત ભીષણ ગોળીબાર

જમ્મુ,તા. ૪

જમ્મુ કાશ્મીરના જુદા જુદા ભાગોમાં પાકિસ્તાની સેના દ્વારા ફરી એકવાર ગોળીબાર કરવામાં આવતા વિસ્ફોટક સ્થિતિ ઉભી થઇ ગઇ છે. જમ્મુ કાશ્મીરના જમ્મુ જિલ્લાના આરએસપુરા સેકટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ભારતીય ચોકીઓને ટાર્ગેટ બનાવીને પાકિસ્તાની સૈનિકોએ મોર્ટાર ઝિંક્યા હતા. આમા ત્રણ લોકો ઘાયલ થયા હોવાનુ જાણવા મળ્યું છે. પૂંચમાં અંકુશ રેખા ઉપર સરહદી વિસ્તારોમાં ગોળીબાર કર્યા બાદ પાકિસ્તાની સૈનિકોએ જમ્મુ પ્રદેશમાં મોર્ટાર બોંબ અને અતિ આધુનિક હથિયારોથી ગોળીબાર કર્યો હતો. આરએસપુરામાં આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર સરહદી ચોકી ઉપર ગોળીબાર કરવામાં આવ્યો હતો. સેનાના અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, પાકિસ્તાને ચાર સરહદી ચોકી અને ચન્ના, કાકો, કોડવાલ અને દેવીગઢ ગામમાં પણ ગોળીબાર કર્યો હતો. જમ્મુના ગામોને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કરાયો હતો. ગોળીબારમાં કેટલાક મકાનોને પણ નુકસાન થયું છે. પોલીસના કહેવા મુજબ પાકિસ્તાને અરણિયા સબ સેક્ટરમાં ૨૦થી વધુ મોર્ટાર સેલ ઝિંક્યા હતા. અંકુશરેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર પાકિસ્તાને આ મહિનામાં ફરીવાર ગોળીબાર કર્યો છે. શુક્રવારના દિવસે જ એલઓસી ઉપર સબજિયાન વિસ્તારમાં પાકિસ્તાની ગોળીબારમાં એક બાળકીનું મોત થયું હતુ અને અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર આવેલા ગામોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ છે. જમ્મુ, સાંબા, કથુઆ જિલ્લાઓમાં લોકો ચિંતાતુર દેખાઈ રહ્યા છે. નાગરિક વહીવટીતંત્રએ સાવધાની રાખવા માટે લોકોને કહ્યું છે. સેનાએ અંકુશરેખા ઉપર જવાબદારી સંભાળી છે જ્યારે બીએસએફના જવાનો જમ્મુ કાશ્મીરમાં આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ફરજ બજાવી રહ્યા છે. મળેલી માહિતી મુજબ યુદ્ધવિરામના ભંગનો જોરદાર રીતે જવાબ આપવામાં આવી રહ્યો છે.



## પટણા ભાગદોડ મામલે ગૃહ મંત્રાલય દ્વારા હેવાલની માંગ

**ભાગદોડમાં મોતનો આંકડો વધીને ૩૫**

પટણા,તા. ૪

બિહારના પાટનગર પટણામાં ગાંધી મેદાન ખાતે દશેરા પર્વ પર રાવન દહનની વિધી દરમિયાન ભાગદોડની ઘટના મામલે કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા અહેવાલની માંગ બિહાર સરકાર પાસે કરવામાં આવી છે. સાથે સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ સહાયની જાહેરાત કરી છે. બીજી બાજુ ભાગદોડની ઘટનામાં આજે મોતનો આંકડો વધીને ૩૫ થયો હતો. ઘાયલ થયેલા ૧૦૦ લોકો પૈકી કેટલાક ગંભીર રીતે ઘાયલ છે. જાણકાર લોકોનુ કહેવુ છે કે વિજળીના થાંભલામાં સ્પોર્ક થવાના કારણે જોરદાર અવાજ થયો હતો. જેથી કેટલાક લોકોને લાગ્યું કે બ્લાસ્ટ થયો છે. જેથી મેદાનમાં ભાગદોડ મચી ગઇ હતી. બિહારના ગૃહ સચિવ અને એડીજી ગુપ્તેશ્વર પાંડેએ કહ્યું છે કે ભાગદોડમાં મતાંક વધી શકે છે. ઘાયલ થયેલા તમામ લોકોને પટણાની પીએમસીએચ હોસ્પિટલામાં દાખલ કરવામાં આવ્યા છે. મરનારમાં મહિલાઓ અને બાળકો વધારે છે કેન્દ્ર સરકારે પીએમ રાહત ફંડમાંથી મૃતકોના પરિવારને બે-બે લાખ અને ઘાયલોને ૫૦-૫૦ હજાર આપવાની જાહેરાત કરી છે. શુક્રવારના દિવસે ગાંધી મેદાનમાં દર વર્ષની જેમ આ વર્ષે પમ વિજયાજશમી પર્વના પ્રસંગે રાવન દહનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. લોકો સમગ્ર પરિવાર સાથે મેળામાં સામેલ થવા માટે આવ્યા હતા. આ મેળામાં આશરે પાંચ લાખ લોકો પહોંચ્યા હતા. પરંતુ મેળો પૂર્ણ થયા બાદ બાગદોડ મચી ગઈ હતી. રાવનદહન દરમિયાન લોકો ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે ભાગદોડ મચી ગઈ હતી. કેટલાક લોકો લાપતા થયા છે જેમની શોધ ચાલી રહી છે. બ્લાસ્ટની અફવાના લીધે મુખ્યરીતે ભાગદોડ મચી હોવાના અહેવાલ મળી રહ્યા છે.

**મહારાષ્ટ્રમાં મતદારોની સંખ્યા ૮.૩૩ કરોડ**

## હરિયાણામાં ૧.૬૨ કરોડ મતદારો નોંધાયા : રિપોર્ટ

નવીદિલ્હી,તા. ૪

હરિયાણા અને મહારાષ્ટ્રમાં વિધાનસભાની ચૂંટણી દરમિયાન કરોડો મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરનાર છે. માહિતી મુજબ હરિયાણામાં એક કરોડથી વધારે મતદારો છે જ્યારે મહારાષ્ટ્રમાં આઠ કરોડથી વધુ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરનાર છે. હરિયાણામાં આ વખતે ૩૨ લાખ વધુ મતદારો ઉમેરાયા છે. ૨૦૦૯ની વિધાનસભાની ચૂંટણીની સરખામણીમાં ૩૨ લાખ નવા મતદારો ઉમેરાયા છે જેથી મતદારોની સંખ્યા વધીને ૧.૬૨ કરોડ સુધી પહોંચી ગઈ છે. હરિયાણામાં મતદારોમાં ૨૦થી ૨૯ વર્ષની વયગ્રુપના મતદારો સૌથી વધારે છે. આવી જ રીતે મહારાષ્ટ્રમાં પણ ૮.૩૩ કરોડ મતદારો નોંધાયા છે. બંને રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી ૧૫મી ઓક્ટોબરના દિવસે યોજાનાર છે. એક જ દિવસે બંને રાજ્યોમાં મતદાન યોજાશે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે મુખ્ય સ્પર્ધા બંને રાજ્યોમાં થનાર છે. બંને પાર્ટીઓ તમામ તાકાત લગાવી ચુકી છે. કોંગ્રેસે ૨૦૦૯ની ચૂંટણીમાં મહારાષ્ટ્રમાં જોરદાર દેખાવ કર્યો હતો. એનસીપીએ પણ ઘણા ગાબડા પાડ્યા હતા. આ વખતે ભાજપની સ્થિતિ અન્ય પક્ષો કરતા વધુ મજબૂત દેખાઈ રહી છે. નરેન્દ્ર મોદીની લહેર પણ જોવા મળે તેવી શક્યતા છે.

## ભારતીય ટીમમાં કુલદીપ યાદવનો સમાવેશ કરાયો

નવીદિલ્હી,તા. ૪

૮મી ઓક્ટોબરથી શરૂ થતી વિન્ડિઝ સામેની પ્રથમ ત્રણ વનડે મેચ માટે ૧૪ સભ્યોની ભારતીય ક્રિકેટ ટીમની આજે જાહેરાત કરવામાં આવી હતી. ટીમમાં અશ્વિનનો સમાવેશ કરવામાં આવ્યો નથી. પ્રથમ ત્રણ વનડે મેચ માટે અશ્વિનને આરામ આપવાનો નિર્ણય કરાયો છે. તેની જગ્યાએ કુલદીપ યાદવનો સમાવેશ કરવામાં આવ્યો છે. ચેમ્પિયન્સલીગ ટી-૨૦માં કુલદીપે જોરદાર દેખાવ કર્યો હતો અને કોલકાતા નાઈટ રાઈડર્સ તરફથી રમતા ચાર મેચોમાં છ વિકેટ ઝડપી લીધી છે જેમાં પર્થ સ્કોર્ચર્સ સામે ૨૪ રન આપીને ત્રણ વિકેટનો સમાવેશ થાય છે. ટીમમાં અન્ય કેટલાક ફેરફાર કરવામાં આવ્યા છે. રવિચંદ્ર અશ્વિનને આરામ આપવામાં આવ્યો છે જ્યારે તેની જગ્યાએ લેગસ્પીનર અમિત મિશ્રાનો સમાવેશ ખરવામાં આવ્યો છે. ઈજાગ્રસ્ત રોહિત શર્માની જગ્યાએ તમિળનાડુના બેટ્સમેન મુરલી વિજયનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઈંગ્લેન્ડ સામે વન ડે ટીમનો હિસ્સો બની ચુકેલા કરણ શર્મા, સ્ટુઅર્ટ બિન્નિ, ધવલ કુલકર્ણી અને સંજુ સેમસન સ્થાન જાળવી શક્યા નથી. અશ્વિનને આરામ આપવાના નિર્ણયને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમમાં શિખર ધવન, વિરાટ કોહલી, અંબાતી રાયડુ પોતપોતાના સ્થાન જાળવી શક્યા છે. તાજેતરમાં જ વિરાટ કોહલીનો દેખાવ ખુબ જ ખરાબ રહ્યો હતો. વિન્ડિઝ સામેની વનડે શ્રેણી ટીમ ઈન્ડિયા માટે ખુબ મહત્વપૂર્ણ છે. ભારતીય ટીમ નીચે મુજબ છે. મહેન્દ્રસિંહ ધોની (કેપ્ટન), શિખર ધવન, રહાણે, વિરાટ કોહલી, રાયડુ, સુરેશ રૈના, રવિન્દ્ર જાડેજા, અમિત મિશ્રા, ભુવનેશ્વર કુમાર, મોહમ્મદ સામી, મોહિત શર્મા, ઉમેશ યાદવ, મુરલી વિજય, કુલદીપ યાદવ.

**રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી પણ જોડાયા**

## રાષ્ટ્રપતિ ભવનમાં સ્વચ્છ ભારત રન : લોકો જોડાયા

નવીદિલ્હી, તા.૪


રાષ્ટ્રપતિ ભવનમાં સ્વચ્છ ભારત રનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. સ્વચ્છ ભારત રનને લઈને રાષ્ટ્રપતિ ભવનમાં તમામ તૈયારીઓ કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ આ રનને લીલીઝંડી આપી હતી. રાષ્ટ્રપતિ ભવન દ્વારા જારી કરવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, ૧૫૦૦ લોકો આમા જોડાયા હતા. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, રાષ્ટ્રપતિ પોતે પણ ટૂંકા અંતર માટે આમા જોડાયા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બીજી ઓક્ટોબરના દિવસે સ્વચ્છ ભારતની શરૂઆત કરી હતી. રાષ્ટ્રવ્યાપી ઝુંબેશના ભાગરુપે મોટી સંખ્યામાં લોકો જોડાઈ રહ્યા છે. પાંચ વર્ષ સુધી સ્વચ્છ ભારત અભિયાન ચાલશે જ દરમિયાન ભારતને સ્વચ્છ કરવાના પ્રયાસ કરાશે. સ્વચ્છ ભારત અભિયાન રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજ્યંતિ સુધી ચાલશે.



## તમામ કૌભાંડો તેમજ ફાઈલોનો પર્દાફાશ થશે : ઉદ્ધવની જાહેરાત

મુંબઈ,તા. ૪

શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેએ આજે કહ્યું હતું કે, કરોડો રૂપિયાના સિંચાઈ કૌભાંડમાં તપાસ હાથ ધરવામાં આવશે. સાથે સાથે ભૂતપૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચવાણ દ્વારા બિલ્ડરોની ફાઈલોને ઉતાવળમાં મંજુરી આપવામાં પણ તપાસ કરવામાં આવશે. ઉદ્ધવે કહ્યું હતું કે, જો તેમની પાર્ટી સત્તામાં આવશે તો તમામ કૌભાંડો અને ફાઈલોનો પર્દાફાશ કરવામાં આવશે. એક વખતે કોંગ્રેસ અને એનસીપી સારા મિત્રો હતો પરંતુ હવે એકબીજાને પછડાટ આપવા કોઈ તક છોડી રહ્યા નથી. અજીત પવાર કહે છે કે, તેઓ ચવાણ દ્વારા જે ફાઈલો ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે તેવા



દસ્તાવેજો અંગે માહિતી મેળવવા આરટીઆઈ કરશે. કાયદા મારફતે તપાસ કરવામાં આવશે. બંને પક્ષો એક બીજા ઉપર પ્રહાર કરી રહ્યા છે. ઉપનગરીય બોરીવલી ખાતે દશેરાની રેલીને સંબોધતા તેમણે કહ્યું હતું કે, શિવેસનાને શાનદાર જીત મળશે. જો પાર્ટી સત્તામાં આવશે તો બાલ ઠાકરે મેમોરિયલની રચના કરવામાં આવશે. ઉદ્ધવે એમ પણ કહ્યું હતું કે, તેમના પિતાના સમ્માનમાં ઈન્ટરનેશનલ ધારાધોરણ મુજબ મેમોરિયલ બનાવવામાં આવશે. આના માટે અન્ય રાજકીય પક્ષો તરફેણ કરે તેવી તેઓ ઈચ્છા રાખતા નથી. નરેન્દ્ર મોદીને આવરી લેતા ભાજપના ચૂંટણી પ્રચારની ઝાટકણી કાઢતા તેમણે કહ્યું હતું કે, શિવસેના કોઈપણ બાંધછોડ કરશે નહીં. ઠાકરેએ કહ્યું હતું કે, અમારા મહારાજા શિવાજી મહારાજે ક્યારે પણ શરણાગતિ નહીં સ્વીકારવાની વાત કરી હતી. ગુજરાતી કાર્ડ રમતા ઠાકરેએ કહ્યું હતું કે, શિવસેનાના કારણે જ ગુજરાતી લોકો મહારાષ્ટ્રમાં હજુ પણ રહી શકે છે. જો ૧૯૯૨માં શિવસેનાએ દરમિયાનગીરી કરી ન હોત તો ગુજરાતીઓ ગુજરાતમાં જતા રહ્યા હોત પરંતુ તેમના પગલાના લીધે ગુજરાતી લોકો આજે મુંબઈમાં છે.

## પંકજા મુંડેને મુખ્યપ્રધાન બનાવવા શાહનો સંકેત

બિડ,તા. ૪

ભાજપના પ્રમુખ અમિત શાહે આજે કહ્યું હતું કે, ગરીબો અને અન્ય પછાતવર્ગના કલ્યાણમાં સ્વર્ગસ્થ ભાજપના નેતા ગોપીનાથ મુંડેએ મોટું યોગદાન આપ્યું હતું. અમિત શાહે કહ્યું હતું કે, તેમની પુત્રી પકંજા મુંડે તેમના બાકી રહેલા કામને આગળ વધારી રહી છે. અહમદનગરના પથાડી તાલુકાના ભગવાનગઢમાં એક ચુંટણી રેલીને સંબોધતા કહ્યું હતું કે, પકંજાના નેતૃત્વમાં તમામ પછાત જાતિઓના લોકો ન્યાય મેળવવા આગળ વધે તે જરૂરી છે. શિવસેનાની સાથે ભાજપના ૨૫ વર્ષ જુના સંબંધો તૂટવાના સંદર્ભમાં પણ શાહે વાત કરી હતી.

અમિત શાહે કહ્યું હતું કે, વિધાનસભાની ચુંટણી ૧૫મી ઓક્ટોબરના દિવસે યોજાનાર છે. ભાજપે પછાતવર્ગના એક વ્યક્તિને વડાપ્રધાન બનાવ્યા છે. આ સરકારની એક પ્રમુખ નીતિ પછાતવર્ગના લોકોને આગળ લઈ જવાની પણ રહી છે. આવનાર દિવસોમાં અમે મહારાષ્ટ્રમાં પણ આવી જ નીતિ અપનાવીશું. મુંડેએ પોતાની સમગ્ર લાઈફ દરમિયાન ગરીબ અને પછાતવર્ગ માટે કામ કર્યું હતું. ગરીબ અને પછાતવર્ગના લોકો દિલ્હીથી મુંડેના ગામ સુધી કેન્દ્રમાં હતા. હકિકતમાં અમિત શાહે એવો સંકેત પણ આપ્યો હતો કે, પંકજાને મુખ્યમંત્રી બનાવી શકાય છે. રેલીમાં પંકજાએ કહ્યું હતું કે, તેમના પિતા ભગવાનગઢના આઠ દિવસના સુવર્ણજયંતિ કાર્યક્રમમાં મોદીને આમંત્રિત કરવા ઈચ્છુક હતા. પણ આ સ્વપ્ન પુરુ થઈ શક્યુ નહતું.

## બ્રિટીશ નાગરિક એલન હેનિંગનુ ગળુ કાપીને ઘાતકી હત્યા કરાઈ

લંડન,તા. ૪

તાજેતરમાં ઈરાન અને સિરિયામાં ભારે આતંક મચાવનાર ત્રાસવાદી સંગઠન આઈએસઆઈએસના ત્રાસવાદીઓ હજુ ખુબ ક્રુર મુડમાં દેખાઈ રહ્યા છે. હવે આઈએસ દ્વારા બ્રિટીશ સહાય કર્મચારી એલન હેનિંગની ગળુ કાપીને ઘાતકી હત્યા કરી દેવામાં આવતા વિશ્વમાં ખળભળાટ મચી ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે જેહાદી જોનના નામથી ઓળખી કાઢવામાં આવેલો આ આઈએસનો ત્રાસવાદી ખતરનાક છે. તે અગાઉ પણ અમેરિકી પત્રકારો જેમ્સ ફોલી, સ્ટીવન સોટલોફ અને બ્રિટીશ સહાય કર્મચારી જોન હેન્સની આ રીતે જ ઘાતકી હત્યા કરી ચુક્યો છે. મોત પહેલા હેનિંગને એમ કહેવા માટે ફરજ પાડવામાં આવી હતી કે તેના મોત માટે બ્રિટીશ સંસદનો એ નિર્ણય જવાબદાર છે જેમાં ઈરાકમાં ઈસ્લામિક સ્ટેટની સામે હુમલાને મંજૂરી આપવાની બાબતનો સમાવેશ થાય છે. બ્રિટીશ નાગરિક હેનિંગ એમ કહેતો નજરે પડે છે કે અમારી સંસદે ઈસ્લામિક સ્ટેટ પર હુમલા કરવાનો નિર્ણય કર્યો છે. જેથી બ્રિટીશ નાગરિક હોવાના કારણે તેને આ નિર્ણયની કિંમત ચુકાવવાની ફરજ પડી રહી છે. વિડિયોમાં હેનિંગની બાબતો અરબી અને અગ્રેજી ભાષામાં દર્શાવવામાં આવી છે. હેનિંગના આ ટુંકા નિવેદન બાદ જેહાદી શખ્સ તેના ગળાને કાપવીની દિશામાં આગળ વધે છે. ત્યારબાદ વિડિયો બ્લેક થઈ જાય છે.

થોડાક સમય બાદ જ હેનિંગનો મૃતદેહ રણ વિસ્તારમાં પડેલો નજરે પડે છે. વિડિયોમાં છેલ્લે અમેરિકા પૂર્વ સૈનિક પીટર કૈસિંગને દર્શાવીને તેની પણ આવી જ હાલત કરવાની ધમકી આપવામાં આવી છે. આઈએસ તરફથી જારી કરવામાં આવેલા આ ફુટેજની શરૂઆતમાં એ સમાચાર મુકવામાં આવ્યા છે જેમાં દર્શાવવામાં આવ્યું છે કે બ્રિટીશ સંસદ આઈએસની સામે હુમલાને મંજૂરી આપી ચુકી છે. આ વિડિયો પ્રમાણિક હોવાની વાત થઈ રહી છે. કારણ કે અગાઉના વિડિયોની જેમ જ આ પણ છે. ત્રાસવાદી સંગઠનના લોકોએ હેનિંગનુ એ વખતે અપહરણ કરી લીધુ હતુ જ્યારે તે યુદ્ધગ્રસ્ત વિસ્તારમાં લોકોની મદદ કરી રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય ચે કે થોડાક દિવસ પહેલા જ હેનિંગની પત્નિએ અપીલ કરીને તેની હત્યા ન કરવા કહ્યુ હતુ. પરંતુ અપીલ જારી કરવામાં આવ્યાના ત્રણ દિવસ બાદ જ હેનિંગની હત્યા કરવામાં આવી છે.

## જયા પ્રકરણમાં રહેમાનની જુબાનીની પણ નોંધ લેવાઈ

ચેન્નાઈ, તા.૪

અન્નાદ્રમુકના વડા અને તમિળનાડુના પૂર્વ મુખ્યમંત્રી જયલલિતા હાલમાં જેલની સજાનો સામનો કરી રહ્યા છે અને જેલમાં છે. પ્રાપ્ત અહેવાલ મુજબ જયલલિતા સંપત્તિ કેસમાં કોર્ટે અપરાધી ઠેરવતી વેળા જાણિતા સંગીતકાર એઆર રહેમાનના નિવેદનની પણ નોંધ લીધી હતી. રહેમાન ઉપરાંત અન્ય જાણિતી હસ્તીઓની જુબાનીની ખાસ અદાલતના જજ જહોન માઇકલ કુન્હા દ્વારા નોંધ લેવામાં આવી હતી. એઆર રહેમાન અને અન્યોએ જયલલિતાના સંબંધી વીએન સુધાકરણનના લગ્નમાં પરફોર્મ કરવાની વાત કરી હતી. ગયા મહિને મૃત્યુ પામેલા મેન્ડોલીન શ્રીનિવાસે પણ જુબાની આપી હતી. ૬૬.૬૫ કરોડ રૂપિયાના અપ્રમાણ સંપત્તિ કેસમાં વીએન સુધારકરણ આરોપી તરીકે રહી ચુક્યા છે. એઆર રહેમાનના નિવેદનને પણ ધ્યાનમાં લેવામાં આવ્યું હતું. સંગીત નિર્દેશક અને નાટ્યપટકથાકાર ગંગાઈ અમારને કહ્યું હતું કે, શશીકલાને જુના મહાભલીપુરમ રોડ ખાતે તેમના ૨૨ એકરના ફાર્મ હાઉસને વેચવામાં આવ્યું હતું. કોર્ટે રહેમાન અને શ્રીનિવાનના નિવેદનની નોંધ લીધી હતી.

## સમાચાર ઝલક

- સ્વચ્છ ભારત અભિયાન હેઠળ ભારતના પ્રત્યેક ગામડાને મળશે ૨૦ લાખની ગ્રાન્ટ.
- ભારતીય સમુદ્રનું વધતું તાપમાન, નબળા ચોમાસાનો અણસાર. ૧૧૨ વર્ષના આંકડાનું અનુમાન.
- ૨.૪ની તીવ્રતાના આંચકાથી રાજકોટ ધ્રુજયું.
- સેન્સેક્સ ૨૦૧૫માં ૩૧૦૦૦ની સપાટી આંબશે.
- કેન્દ્રીય મંત્રી મેનકા ગાંધી સામે અપહરણનો આરોપ.
- અનિલ અંબાણીનું રિલાયન્સ ગ્રુપ પાવર ક્ષેત્રે રૂ. ૫૦,૦૦૦ કરોડનું રોકાણ કરશે.
- બે વર્ષમાં ક્રુડ સૌથી નીચી સપાટીએ સરકી રહ્યું છે.
- તહેવારોમાં મીઠાઈ તથા ફરસાણ કયા ખાદ્ય તેલ કે ઘીમાંથી બનેલી છે તે દર્શાવવું ફરજીયાત રહેશે.
- રાજકોટમાં મનાઈ હોવા છતાં જીવતા નાગ સાથે બાળાઓએ કર્યો રાસ.
- ઝાલાવાડમાં નશાની નવી શોધ, દેશી દારૂના ઈંજેકશન.
- તામિલનાડુના ભૂતપૂર્વ મુખ્યમંત્રી જયલલિતા જેલમાં સાદુ ભોજન લે છે. કેદીનો ગણવેશ પહેરવા ઈન્કાર.
- ઉપલેટામાં ડી.એસ.પી. સામે લુંટની ફરિયાદ નોંધાઈ ફરિયાદથી ચકચાર.
- હોંગકોંગમાં સરકાર સામેના દેખાવોથી સુરતનો હીરા ઉદ્યોગ ચિંતિત.
- બેલ્જિયમમાં બિયર માટેની પાઈપલાઈન નંખાશે.

## આ વર્ષે સરેરાશના ૮૮ ટકા વરસાદ નોંધાઈ ગયો : હેવાલ

પુણે,તા. ૪

ભારતના મોટા બાગરના વિસ્તારોમાં વરસાદ હવે બંધ થઈ ગયો છે. વરસાદની વર્તમાન સિઝન પૂર્ણ થઈ છે ત્યારે હવામાન વિબાગે કહ્યું છે કે આ વરસાદી સિઝનમાં લોંગ પિરિયડ એવરેજ (એલપીએ)નો ૮૮ ટકા વરસાદ થયો છે. આ વર્ષે સરેરાશ ૮૮ ટકા વરસાદ થયો હોવાના આંકડા જારી કરવામાં આવ્યા બાદ કૃષિ નિષ્ણાંતોમાં આને લઈને ચર્ચા શરૂ થઈ ગઈ છે. તેના અંતિમ સાપ્તાહિક અહેવાલમાં ભારતીય હવામાન વિભાગે કહ્યું છે કે દેશમાં એલપીએની અપેક્ષા ૮૭ ટકા હતી. ભારતમાં જુલાઈ અને ઓગષ્ટમાં વરસાદ અંદાજિત ૯૩ ટકા અને ૯૬ ટકાની સામે ૯૦ ટકા અને ૯૧ ટકા વરસાદ રહ્યો હતો. દરમિયાન મહારાષ્ટ્ર સહિતના વિસ્તારોને આવરી લેનાર મધ્ય ભારતમાં વરસાદ ઓછો રહ્યો છે. જ્યારે મધ્ય ભારતમાં ૧૦ ટકા ઓછો વરસાદ રહ્યો છે. દક્ષિણી દ્વિપ વિસ્તારમાં સાત ટકા ઓછો વરસાદ રહ્યો છે. હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, પંજાબ અને પશ્ચિમી ઉત્તરપ્રદેશમાં એલએપીના ૫૦ ટકાથી પણ વધુ ઓછો વરસાદ થયો હતો. સમગ્ર દેશ માટે આ મોનસુનમાં સિચાઈ વરસાદ એલપીએ કરતા ૧૨ ટકા ઓચો રહ્યો છે. મહારાષ્ટ્રમાં ૧૪ ટકા ઓછો વરસાદ રહ્યો છે.

## હાઈકોર્ટની નોટિસ છતાંય ચૌટાલા સમર્થકોને મળ્યા

જિંદ, તા.૦૪

આરોગ્યના આધાર પર જામીન ઉપર રહેલા હરિયાણાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ઓમપ્રકાશ ચૌટાલા આજે દિલ્હી હાઈકોર્ટની નોટિસ હોવા છતાં તેમના સમર્થકોને મળ્યા હતા. દિલ્હી હાઈકોર્ટ દ્વારા ચૌટાલા અને સીબીઆઈને નોટિસ આપવામાં આવી છે. ઇન્ડિયન નેશનલ લોકદળના નેતા ઓમપ્રકાશ ચૌટાલા જિંદમાં તેમના સમર્થકોના નિવાસસ્થાને પહોંચ્યા હતા. ઉપરાંત પાર્ટીની ચૂંટણી ઑફિસમાં પણ પહોંચ્યા હતા. ચૌટાલા સમર્થકોને મળતા રાજકીય ખળભળાટ મચી ગયો છે. પક્ષના પ્રવક્તાએ કહ્યું છે કે, ભારતીય રાષ્ટ્રીય લોકદળ



૧૫મી ઓક્ટોબરે યોજનારી વિધાનસભાની ચૂંટણીમાં શિરોમળી અકાળી દળ સાથે મળીને ચૂંટણી લડનાર છે. ચૌટાલા ગઇકાલે રાત્રે જિંદ આવી પહોંચ્યા હતા. તેઓ પક્ષના કાર્યકરોને મળ્યા હતા અને આજે સવારે રવાના થઇ ગયા હતા. મિડિયાથી દૂર રહેવાના પ્રયાસ ઓમપ્રકાશ ચૌટાલા દ્વારા કરવામાં આવી રહ્યા છે. શહેરમાં સમર્થકોના આવાસ ઉપર તેઓ પહોંચ્યા હતા. એકના આવાસ ઉપર તેઓએ બ્રેકફાસ્ટ પણ કર્યો હતો. ચૌટાલાના સમર્થકો તેમને મળવા માટે ઉત્સુક હતા. ચૌટાલા ગોહાનરોડ ઉપર ભાજપના નેતાના નિવાસસ્થાને પણ પહોંચ્યા હતા. બે નેતાઓ પહેલાથી જ કહી ચુક્યા છે કે, તેઓ ચૌટાલાની પાર્ટીમાં સામેલ થશે. ઉચહાના જાટ પટ્ટા તરીકે છે. અહીંથી તેમના પૌત્ર અને દેશના સૌથી યુવા સાંસદ દુષ્યંત ચૂંટણી લડી રહ્યા છે. પહેલી ઓક્ટોબરના દિવસે દિલ્હી હાઈકોર્ટે સીબીઆઈ અને ચૌટાલાને નોટિસ ફટકારી હતી. અગાઉ વરિષ્ઠ વકીલ વિવેક તંખા અરજીદાર તરફથી ઉપસ્થિત રહ્યા હતા અને કહ્યું હતું કે, ચૌટાલા તેમને આપવામાં આવેલા જામીનનો ફાયદો ઉઠાવી રહ્યા છે અને આ ગાળા દરમિયાન ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે.